01. ભારતની 14 મુખ્ય બેંકોનું રાષ્ટ્રીયકરણ ક્યા વર્ષે કરવામાં આવ્યું હતું?

(A) વર્ષ 1947 (B) વર્ષ 1955

(C) વર્ષ 1962 (D) વર્ષ 1969

જવાબ:- **(D) વર્ષ 1969**

- ભારતમાં 14 મોટી બેંકોનું રાષ્ટ્રીયકરણ 19 જુલાઈ, 1969ના રોજ કરવામાં આવ્યું હતું.
- તે સમયે દેશના વડાપ્રધાન અને નાણામંત્રી ઈન્દિરા ગાંધીએ આ નિર્ણય લીધો હતો.
- તેના માટે બેંકિંગ કંપનીઓ (ઉપક્રમોનું અધિગ્રહણ અને હસ્તાંતરણ) વટહુકમ, 1969 બહાર પાડવામાં આવ્યો હતો.
- વટહુકમ જાહેર થયાના બે અઠવાડિયાની અંદર, ભારતીય સંસદે બેંકિંગ કંપનીઓ (ઉપક્રમોનું અધિગ્રહણ અને હસ્તાંતરણ) વિધેયક પસાર કર્યો હતો.
- 9 ઓગસ્ટ, 1969 ના રોજ, બિલને રાષ્ટ્રપતિની સંમતિ મળી.
- ત્યારબાદ વર્ષ 1980માં વધુ 6 કોમર્શિયલ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

02. ભારતમાં રાષ્ટ્રીય આવકનો સૌપ્રથમ અંદાજ કોણે લગાવ્યો?

(A) દાદાભાઈ નવરોજી (B) ડૉ. બી. આર. આંબેડકર

(C) સી.આર. દત્ત (D) ડી. આર. ગાડગીલ

જવાબ:- **(A) દાદાભાઈ નવરોજી**

- દાદાભાઈ નવરોજીએ વર્ષ 1867-68માં રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાનો પ્રથમ પ્રયાસ કર્યો હતો.
- તેમણે કૃષિ ઉત્પાદનના મૂલ્યનો અંદાજ લગાવીને અને પછી બિન-કૃષિ ઉત્પાદન તરીકે ચોક્કસ ટકાવારી ઉમેરીને રાષ્ટ્રીય આવકનો અંદાજ લગાવ્યો હતો.
- ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરી કરવા માટે વૈજ્ઞાનિક અભિગમનો પ્રથમ ઉપયોગ વર્ષ 1931-32માં પ્રોફેસર વી.કે. આર. વી. રાવે કર્યો હતો.

GK Gujarat.com

Downloaded from www.gkgujarat.com

03. ભારતમાં શહેરી વિસ્તારોમાં બીપીએલ પરિવારોને ઓળખવા માટે નીચેનામાંથી કઈ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી?

(A) સક્સેના સમિતિ (B) તેંડુલકર સમિતિ

(C) હાશિમ સમિતિ (D) લાકડાવાલા સમિતિ

જવાબ:- **(C) હાશિમ સમિતિ**

- આ સમિતિની રચના આયોજન પંચ દ્વારા કરવામાં આવી હતી.
- આ સમિતિના અધ્યક્ષ પ્રોફેસર એસ.આર. હાશિમ હતા.
- આ સમિતિએ તેનો અંતિમ અહેવાલ 24 ડિસેમ્બર, 2012ના રોજ આયોજન પંચને સુપરત કર્યો હતો.

04. 'લઘુત્તમ ટેકાના ભાવ' (Minimum Support Price-MSP) નો ખ્યાલ નીચેનામાંથી ક્યા ક્ષેત્ર સાથે સંબંધિત છે?

(A) ઔદ્યોગિક સામાન (B) કૃષિ ઉત્પાદનો

(C) સેવા ક્ષેત્ર (D) નિકાસ વસ્તુઓ

જવાબ:- **(B) કૃષિ ઉત્પાદનો**

- લઘુત્તમ ટેકાના ભાવ (MSP) એ દર છે કે જેના પર સરકાર ખેડૂતો પાસેથી કૃષિ પાક ખરીદે છે.
- આ મૂલ્ય ખેડૂતોના ઉત્પાદન ખર્ચ કરતાં ઓછામાં ઓછો દોઢ ગણુ વધુ હોય છે.
- લઘુત્તમ ટેકાના ભાવની શરૂઆત વર્ષ 1966-67માં ઘઉં માટે કરવામાં આવી હતી.

05. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના કયા વર્ષમાં લાગુ કરવામાં આવી હતી?

(A) વર્ષ 1995 (B) વર્ષ 1998

(C) વર્ષ 1999 (D) વર્ષ 2001

GkGujarat.com

જવાબ:- **(B) 1998**

- કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના હેઠળ, ખેડૂતોને કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે બેંકિંગ સિસ્ટમમાંથી ક્રેડિટ સહાય આપવામાં આવે છે.
- આ મોડલ સ્કીમ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) દ્વારા કૃષિ જરૂરિયાતો માટે લાભો પ્રદાન કરવા માટે આર.વી. ગુપ્તા સમિતિની ભલામણો પર તૈયાર કરવામાં આવી હતી.

06. ભારતનું કેન્દ્રીય બજેટ કોના દ્વારા અને સંસદના કયા ગૃહ/ગૃહોમાં રજૂ કરવામાં આવે છે?

(A) ભારતના નાણામંત્રી, લોકસભા

(B) ભારતના વડા પ્રધાન, રાજ્યસભા

(C) કેબિનેટ સચિવ, લોકસભા અને રાજ્યસભા બંને

(D) ભારતના રાષ્ટ્રપતિ; સંસદના સંયુક્ત સત્રમાં

જવાબ:- **(A) ભારતના નાણામંત્રી; લોકસભા**

- ભારતનું કેન્દ્રીય બજેટને ભારતના બંધારણની કલમ 112માં વાર્ષિક નાણાકીય નિવેદન કહેવામાં આવ્યું છે. બંધારણમાં બજેટ શબ્દનો પ્રયોગ થયો નથી.

07. ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના ક્યા મોડલ પર આધારિત હતી?

(A) ગાડગિલ મોડલ

(B) રોલિંગ પ્લાન

(C) મહાલાનોબીસ મોડેલ

(D) હૈરોડ-ડોમર મોડલ

જવાબ:- **(D) હૈરોડ-ડોમર મોડલ**

- હેરોડ-ડોમર મોડલ આર્થિક વિકાસ અંગેનું એક મોડેલ છે. તેને 1930 અને 1940ના દાયકામાં અર્થશાસ્ત્રીઓ રોય હેરોડ અને ઈવસે ડોમર દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

GK Gujarat.com

- ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ભારતની સંસદમાં પ્રથમ પંચવર્ષીય યોજના રજૂ કરી હતી.
- આ યોજનાનો ડ્રાફ્ટ કે.એન.રાજના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો.
- પ્રથમ પંચવર્ષીય યોજનાના અધ્યક્ષ જવાહરલાલ નેહરુ અને ઉપાધ્યક્ષ ગુલઝારીલાલ નંદા હતા.
- પ્રથમ પંચવર્ષીય યોજનાનું સૂત્ર 'કૃષિનો વિકાસ' હતું.
- આ યોજનાનો ઉદ્દેશ્ય આઝાદી બાદ દેશના વિભાજન અને બીજા વિશ્વયુદ્ધને કારણે ઊભી થયેલી વિવિધ સમસ્યાઓનું નિરાકરણ કરવાનો હતો.
- આ યોજનાનું વિઝન આઝાદી પછી દેશનું પુનઃનિર્માણ કરવાનું હતું.
- અન્ય મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં ઉદ્યોગ અને કૃષિ વિકાસનો પાયો નાખવાનો અને લોકોને ઓછા ખર્ચે સસ્તું આરોગ્ય સંભાળ અને શિક્ષણ પૂરું પાડવાનો હતો.

08. ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં ગરીબી રેખા નીચેના વ્યક્તિ નક્કી કરવા માટે કેટલા કેલરી ભોજન પ્રાપ્ત કરવાની અસમર્થતા નક્કી કરવામાં આવી છે?

(A) 2100 કેલરી (B) 2200 કેલરી

(C) 2300 કેલરી (D) 2400 કેલરી

જવાબ:- **(D) 2400 કેલરી**

09. ભારતમાં 'ઈકો-માર્ક'નું પ્રતીક શું છે?

(A) માટીનું વાસણ (B) ઉગતો સૂર્ય

(C) સિંહ (D) ઘઉંની ડુંડી

જવાબ:- **(A) માટીનું વાસણ**

- ઈકો માર્ક એ પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોને આપવામાં આવતું પ્રમાણપત્ર છે.
- તે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા આપવામાં કરવામાં આવે છે.

GK Gujarat.com

- ઈકો માર્ક સ્કીમ વર્ષ 1991માં શરૂ કરવામાં આવી હતી.
- આ એક સ્વૈચ્છિક ચિહ્ન છે.
- તેનો ઉદ્દેશ્ય એવા ઉત્પાદનોને ઓળખવાનો અને પ્રમાણિત કરવાનો છે જે પર્યાવરણ પર ન્યૂનતમ વિપરીત અસર કરે છે.

10. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ આયોગનું મુખ્ય મથક ક્યાં આવેલું છે?

(A) નવી દિલ્હી (B) મુંબઈ

(C) અમદાવાદ (D) હૈદરાબાદ

જવાબ:- **(B) મુંબઈ**

11. નીચેનામાંથી કોણે સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ (વચગાળાનું) રજૂ કર્યું હતું?

(A) ડો. બી.આર. આંબેડકર (B) જવાહરલાલ નેહરુ

(C) આર. કે. શનમુખમ શેટ્ટી (D) વલ્લભભાઈ પટેલ

જવાબ:- **(C) આર. કે. શનમુખમ શેટ્ટી**

- આઝાદી પછીનું પ્રથમ બજેટ 26 નવેમ્બર 1947ના રોજ આર. કે. શનમુખમ શેટ્ટીએ રજૂ કર્યું હતું.

12. સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ખાતું ખોલાવવા માટે દીકરીઓની મહત્તમ ઉંમર કેટલી છે?

(A) 7 વર્ષ (B) 8 વર્ષ

(C) 9 વર્ષ (D) 10 વર્ષ

જવાબ:- **(D) 10 વર્ષ**

gkgujarat.com

- બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનના ભાગરૂપે તા. 22 જાન્યુઆરી 2015ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
- તા. 22 જાન્યુઆરી 2015ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના પાણીપત ખાતેથી આ યોજનાનું ઉદ્ઘાટન કર્યુ હતું.
- સુકન્યા સમૃદ્ધિ યોજનાનો હેતુ નાની બચતને પ્રોત્સાહન આપવાનો છે.
- આ યોજના હેઠળ કોઈપણ બાળકીના નામે ખાતું ખોલાવી શકાય છે.
- આ ખાતામાં વાર્ષિક ઓછામાં ઓછા 250 રૂપિયા અને વધુમાં વધુ 1.5 લાખ રૂપિયા જમા કરી શકાય છે.

13. કઈ તારીખને ભારતમાં “આવકવેરા દિવસ (Income Tax Day)” તરીકે મનાવવામાં આવે છે?

(A) 31 માર્ચ (B) 1 એપ્રિલ

(C) 24 જુલાઈ (D) 31 જુલાઈ

જવાબ:- **(C) 24 જુલાઈ**

- 24મી જુલાઈના રોજ મનાવવામાં આવતો આવકવેરા દિવસ (Income Tax Day) એ ભારતના નાણાકીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.
- ઈ.સ. 1860માં બ્રિટિશ અર્થશાસ્ત્રી સર જેમ્સ વિલ્સન દ્વારા 1857ના સૈન્ય બળવાને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ભારતમાં આવકવેરાની શરૂઆત આ દિવસે કરી હતી.
- આ ઐતિહાસિક દિવસની યાદમાં દર વર્ષે 24 જુલાઈને ભારતમાં આવકવેરા દિવસ તરીકે મનાવવામાં આવે છે.

14. રાષ્ટ્રીય શેર બજાર (National Stock Exchange)ની સ્થાપનાની ભલામણ નીચેના પૈકી કઈ સમિતિએ કરી હતી?

(A) ફેરવાની સમિતિ
(B) સુરેશ તેંદુલકર સમિતિ
(C) હિલ્ટન યંગ આયોગ
(D) ઓકવર્થ સમિતિ

જવાબ:- **(A) ફેરવાની સમિતિ**

- ફેરવાની સમિતિએ વર્ષ 1991માં ભલામણ કરી હતી.
- નેશનલ સ્ટોક એક્સ્ચેંજનું વડું મથક દક્ષિણ મુંબઈમાં વર્લી ખાતે આવેલું છે.

15. ભારતીય જીવન વીમા નિગમ (LIC)ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી?

(A) વર્ષ 1947
(B) વર્ષ 1952
(C) વર્ષ 1956
(D) વર્ષ 1962

જવાબ:- **(C) 1956**

16. ચલણી નોટો માટેના કાગળ તથા નોન જ્યુડિશીયલ સ્ટેમ્પ પેપર્સના છપકામમાં ઉપયોગમાં લેવાતા કાગળોના ઉત્પાદન માટેની સિક્યુરિટી પેપર મીલ ક્યાં આવેલી છે?

(A) દિલ્હી
(B) હોશંગાબાદ
(C) અમદાવાદ
(D) મુંબઈ

જવાબ:- **(B) હોશંગાબાદ**

17. ભારતીય જીવન વીમા નિગમ (LIC) નું મુખ્ય મથક ક્યાં આવેલું છે?

(A) નવી દિલ્હી
(B) મુંબઈ
(C) બેંગલુરુ
(D) કોલકાતા

જવાબ:- **(B) મુંબઈ**

GK Gujarat.com

18. GATT (General Agreement on Tariffs and Trade)ના કાર્યાલયની સ્થાપના ક્યારે અને ક્યાં થઈ હતી?

(A) ન્યુયોર્ક, 1947 (B) જીનીવા, 1948

(C) પેરિસ, 1949 (D) રિયો ડી જાનેરો, 1950

જવાબ:- **(B) જીનીવા, 1948**

19. ભારતીય રિઝર્વ બેંકના પ્રથમ ગવર્નર કોણ હતા?

(A) સી. ડી. દેશમુખ (B) એલ. કે. ઝા

(C) સર ઓસ્બોર્ન સ્મિથ (D) ડૉ.મનમોહન સિંહ

જવાબ:- **(C) સર ઓસ્બોર્ન સ્મિથ**

- સર ઓસ્બોર્ન સ્મિથ તા. 01-04-1935થી તા. 30-06-197 સુધી ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર હતા.
- સ્વતંત્ર ભારતના પ્રથમ અને પ્રથમ ભારતીય ગવર્નર સી.ડી. દેશમુખ હતા.

20. નેશનલ હાઉસિંગ બેંકની સંપૂર્ણ માલિકી નીચેનામાંથી કઈ સંસ્થાની છે?

(A) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (B) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

(C) નાબાર્ડ (D) ભારતીય જીવન વિમા નિગમ

જવાબ:- **(A) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**

- National Housing Bank - NHBનું મુખ્ય કાર્યાલય નવી દિલ્હી ખાતે છે.
- NHBની સ્થાપના 9 જુલાઈ, 1988ના રોજ નેશનલ હાઉસિંગ બેંક એક્ટ, 1987 હેઠળ કરવામાં આવી હતી.

GkGujarat.com

21. ભારતમાં આયોજન પંચ (Planning Commission)ની રચના ક્યારે થઈ હતી?

(A) 15 ઓગસ્ટ 1947 (B) 1 જાન્યુઆરી 1949

(C) 15 માર્ચ 1950 (D) 1 એપ્રિલ 1951

જવાબ:- **(C) 15 માર્ચ 1950**

- આઝાદી બાદ ઈ.સ. 1947માં પંડિત જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં આર્થિક આયોજન સમિતિની રચના કરવામાં આવી.
- ત્યારબાદ આ સમિતિની ભલામણના આધારે 15 માર્ચ 1950ના રોજ આયોજન પંચની સ્થાપના એક બિન સંવૈધાનિક સંસ્થા તરીકે કરવામાં આવી.

22. ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના ક્યારે શરૂ થઈ હતી?

(A) 1 જાન્યુઆરી 1950 (B) 15 માર્ચ 1950

(C) 1 જાન્યુઆરી 1951 (D) 1 એપ્રિલ 1951

જવાબ:- **(D) 1 એપ્રિલ 1951**

23. ભારતીયો દ્વારા સંપૂર્ણ રીતે સંચાલિત પ્રથમ બેંક કઈ છે?

(A) બેંક ઓફ બરોડા (B) પંજાબ નેશનલ બેંક

(C) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (D) દેના બેંક

જવાબ:- **(B) પંજાબ નેશનલ બેંક**

24. UTI બેંકનું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે?

(A) એક્સિસ બેંક લિ. (B) આઈસીઆઈસીઆઈ બેંક

(C) યસ બેંક (D) બંધન બેંક

GK Gujarat.com

જવાબ:- **(A) એક્સિસ બેંક લિ.**

- UTI બેંકનું આ નવું નામ તા. 30 જુલાઈ, 2007થી અમલી બની ગયુ છે.

25. ભારતમાં બજેટ પ્રણાલીના સંસ્થાપક કોને માનવામાં આવે છે?

(A) જેમ્સ વિલ્સન (B) આર.કે. શણમુખમ શેટ્ટી

(C) સર રોબર્ટ વોલપોલ (D) જ્હોન મથાઈ

જવાબ:- **(A) જેમ્સ વિલ્સન**

- ભારતમાં બજેટ પ્રણાલીની શરૂઆતનો શ્રેય વાઈસરોય કેનિંગને આપવામાં આવે છે.
- 1859માં વાઈસરોયની કાર્યકારિણી પરિષદમાં પ્રથમવાર એક વિશેષ સભ્ય એવા સર જેમ્સ વિલ્સનને નાણા સભ્ય તરીકે સમાવવામાં આવ્યા.
- જેમ્સ વિલ્સને પ્રથમવાર 7 એપ્રિલ 1860નાં રોજ વાઈસરોયની કાર્યકારિણી પરિષદમાં પ્રથમ બજેટ રજૂ કર્યું.
- આથી ભારતમાં બજેટ પ્રણાલીના સંસ્થાપક જેમ્સ વિલ્સનને માનવામાં આવે છે.

26. રાષ્ટ્રીય કિસાન આયોગની રચના ક્યા વર્ષમાં કરવામાં આવી હતી?

(A) વર્ષ 2002 (B) વર્ષ 2004

(C) વર્ષ 2006 (D) વર્ષ 2008

જવાબ:- **(B) વર્ષ 2004**

- રાષ્ટ્રીય કિસાન આયોગ (National Commission on Farmers-NCF)ની સ્થાપના 18 નવેમ્બર, 2004ના રોજ કરવામાં આવી હતી.
- પ્રોફેસર એમ. એસ. સ્વામીનાથન તેના અધ્યક્ષ હતા.

27. ભારતમાં લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP)ની ભલામણ કોણ કરે છે?

(A) નાણા મંત્રાલય (B) નીતિ આયોગ

(C) કૃષિ ખર્ચ અને કિંમત કમિશન (D) કૃષિ મંત્રાલય

જવાબ:- **(C) કૃષિ ખર્ચ અને કિંમત કમિશન**

- ભારતમાં લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP)ની ભલામણ કૃષિ ખર્ચ અને કિંમતો માટેના કમિશન (Commission for Agricultural Costs and Prices-CACP) દ્વારા કરવામાં આવે છે.
- CACPની ભલામણોના આધારે, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (Cabinet Committee on Economic Affairs-CCEA) MSPને મંજૂરી આપે છે.

28. ભારતમાં ચા બોર્ડનું મુખ્ય મથક ક્યાં આવેલું છે?

(A) કોલકાતા (B) બેંગલુરુ

(C) કોટ્ટાયમ (D) ગુંટુર

જવાબ:- **(A) કોલકાતા**

29. કયો દેશ વિશ્વમાં સૌથી વધુ કુદરતી રેશમનું ઉત્પાદન કરે છે?

(A) ભારત (B) બાંગ્લાદેશ

(C) તિબ્બેટ (D) ચીન

જવાબ:- **(D) ચીન**

- રેશમ ઉત્પાદનમાં વૈશ્વિક કક્ષાએ ચીન કાચા રેશમ ઉત્પાદનમાં 75% અને વિશ્વ નિકાસ બજારમાં 90% હિસ્સો ધરાવે છે.
- ચીનમાં જ પ્રથમવાર રેશમના રેસાઓનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું.



GK Gujarat.com

- રેશમ ઉત્પાદનમાં વિશ્વ કક્ષાએ ચીન બાદ ભારત બીજા ક્રમ ઉપર છે.
- ભારતમાં ઘણા પ્રકારના રેશમનું ઉત્પાદન થાય છે, જેમ કે મલ્બેરી રેશમ, ટસર રેશમ, એરી રેશમ અને મુગા રેશમ. ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારના રેશમ ઉગાડવામાં આવે છે.

30. અર્થશાસ્ત્રના પ્રસિદ્ધ પુસ્તક “વેલ્થ ઓફ નેશન્સ”ના લેખક કોણ છે?

(A) રોબિન્સ (B) કાર્લ માર્ક્સ

(C) એડમ સ્મિથ (D) માર્શલ

જવાબ:- **(C) એડમ સ્મિથ**

31. ભારતના જીડીપી (Gross domestic product –GDP)માં નીચેનામાંથી ક્યા ક્ષેત્રનું યોગદાન સૌથી વધુ છે?

(A) કૃષિ (B) ઉદ્યોગ

(C) સેવાઓ (D) ખાણકામ

જવાબ:- **(C) સેવાઓ**

- 2023-24 દરમિયાન ભારતના જીડીપીમાં સેવાઓનું યોગદાન કુલ યોગદાનના 64 ટકા રહ્યું છે.
- તેનાથી વિપરીત, ઉદ્યોગ અને કૃષિનું યોગદાન અનુક્રમે માત્ર 22 અને 14 ટકા હતું.

32. ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (Goods and Services Tax - GST) કયા વર્ષથી લાગુ કરવામાં આવ્યો હતો?

(A) વર્ષ 2015 (B) વર્ષ 2016

(C) વર્ષ 2017 (D) વર્ષ 2018

GK Gujarat.com

જવાબ:- **(C) 2017**

- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) એ ભારતમાં માલ અને સેવાઓના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પરનો પરોક્ષ કર છે.
- GST ભારતમાં 1 જુલાઈ 2017 થી અમલમાં આવ્યો.
- GSTને 101મા સુધારા અધિનિયમ તરીકે પસાર કરવામાં આવ્યો હતો.

33. ખાંડના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે?

(A) પ્રથમ (B) બીજું

(C) ત્રીજું (D) ચોથું

જવાબ:- **(B) બીજું**

- સમગ્ર વિશ્વમાં ખાંડના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન બ્રાજિલનું છે. ત્યારબાદ બીજા ક્રમે ભારત આવે છે.

34. GST લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે?

(A) તમિલનાડુ (B) કેરલ

(C) ગુજરાત (D) આસામ

જવાબ:- **(D) આસામ**

35. ભારતમાં ચોખાનું સૌથી વધારે ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે?

(A) પશ્ચિમ બંગાળ (B) ઉત્તર પ્રદેશ

(C) પંજાબ (D) મહારાષ્ટ્ર

જવાબ:- **(A) પશ્ચિમ બંગાળ**

GK Gujarat.com

- ચોખાના ઉત્પાદનમાં પ્રથમ ક્રમ પશ્ચિમ બંગાળબાદ બીજા ક્રમે ઉત્તર પ્રદેશ અને ત્રીજા ક્રમે પંજાબ આવે છે.

36. ભારતના આયોજન પંચનું સ્થાન 2015માં કઈ સંસ્થાએ લીધું છે?

(A) નીતિ આયોગ (B) નાણાં પંચ

(C) આર્થિક સલાહકાર પરિષદ (D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા

જવાબ:- **(A) નીતિ આયોગ**

- NITI Aayogનું પૂર્ણ નામ National Institution for Transforming India છે.

37. કઈ સંસ્થા ભારતમાં "આર્થિક સર્વેક્ષણ (Economic Survey)" પ્રકાશિત કરે છે?

(A) નીતિ આયોગ

(B) નાણા મંત્રાલય

(C) રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા

(D) સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

જવાબ:- **(B) નાણા મંત્રાલય**

38. ભારતમાં 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ' લાગૂ કરવા અંગેની ભલામણ કઈ સમિતિએ કરી હતી?

(A) નરસિંહમ સમિતિ (B) રંગરાજન સમિતિ

(C) શિવરામન સમિતિ (D) કેલકર સમિતિ

જવાબ:- **(D) કેલકર સમિતિ**

GK Gujarat.com

- 2002 માં વાજપેયી સરકારે ટેક્સ સુધારાની ભલામણ કરવા માટે વિજય કેલકર ના અધ્યક્ષપણા હેઠળ ટાસ્ક ફોર્સની રચના કરી.
- 2005માં કેલકર સમિતિએ બારમા નાણાપંચના સૂચન મુજબ જીએસટી લાગુ કરવાની ભલામણ કરી હતી.

39. 'મેક ઈન ઈન્ડિયા' પહેલનો મુખ્ય હેતુ શું છે?

(A) નિકાસમાં વધારો કરવો

(B) ખેતીમાં વધારો કરવો

(C) સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવું

(D) ઔદ્યોગિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું

જવાબ:- **(D) ઔદ્યોગિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું**

40. આંતરરાષ્ટ્રીય પુનઃનિર્માણ અને વિકાસ બેંક (International Bank for Reconstruction and Development- IBRD)નું વડું મથક ક્યાં આવેલું છે?

(A) ન્યુ યોર્ક સિટી, યુએસએ (B) વોશિંગ્ટન, ડીસી, યુએસએ

(C) જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ (D) પેરિસ, ફ્રાન્સ

જવાબ:- **(B) વોશિંગ્ટન, ડીસી, યુએસએ**

41. નીચેનામાંથી કઈ સમિતિ વિમા ક્ષેત્રમાં સુધારા માટે રચવામાં આવી હતી?

(A) સરકારિયા સમિતિ (B) મલ્હોત્રા સમિતિ

(C) રંગરાજન સમિતિ (D) રાજા ચેલૈયા સમિતિ

જવાબ:- **(B) મલ્હોત્રા સમિતિ**

GK Gujarat.com

42. ભારતના પ્રથમ નિકાસ પ્રોસેસિંગ ઝોન (Export Processing Zone-EPZ) ની સ્થાપના નીચેના પૈકી ક્યા સ્થળે કરવામાં આવી હતી?

(A) કંડલા (B) સુરત

(C) અમદાવાદ (D) મુંબઈ

જવાબ:- **(A) કંડલા**

- કંડલા એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન (EPZ) એશિયાનું પ્રથમ એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન (EPZ) છે.
- આ EPZની સ્થાપના વર્ષ 1965માં ગુજરાતના કંડલામાં કરવામાં આવી હતી.

43. "ઓપરેશન ફ્લડ" નીચેનામાંથી કઈ ક્રાંતિ સાથે સંકળાયેલું છે?

(A) પીળી ક્રાંતિ (B) શ્વેત ક્રાંતિ

(C) હરિયાળી ક્રાંતિ (D) વાદળી ક્રાંતિ

જવાબ:- **(B) શ્વેત ક્રાંતિ**

- શ્વેત ક્રાંતિ દૂધ ઉત્પાદન સાથે સંબંધિત છે.
- શ્વેત ક્રાંતિની ઝડપને વધારવા માટે ઓપરેશન ફ્લડ શરૂ કરવામાં આવ્યું હતું.
- ઓપરેશન ફ્લડના પ્રેરક ડો. વર્ગિસ કુરિયન હતા.
- આ કાર્યક્રમ વિશ્વનો સૌથી મોટો સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ છે, જેને 1970માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ(NDDB)એ શરૂ કર્યો હતો.
- **પીળી ક્રાંતિ** તેલ અને તેલિબિયા ઉત્પાદન સાથે સંબંધિત છે.
- **હરિયાળી ક્રાંતિ** કૃષિ ઉત્પાદન સાથે સંબંધિત છે.
- **વાદળી ક્રાંતિ** મત્સ્ય ઉત્પાદન સાથે સંબંધિત છે.

GKGujarat.com

44. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી અધિનિયમ (Mahatma Gandhi National Rural Employment Guarantee Act- MGNREGA) કયા વર્ષમાં પસાર થયો હતો?

(A) વર્ષ 2005 (B) વર્ષ 2006

(C) વર્ષ 2007 (D) વર્ષ 2008

જવાબ:- **(A) વર્ષ 2005**

45. માનવ વિકાસ સૂચકાંક (Human Development Index-HDI)માં નીચેના પૈકી ક્યા માપદંડનો સમાવેશ થાય છે?

(A) સાક્ષરતા દર (Literacy rates) (B) જીવન પ્રત્યાશા (Life expectancy)

(C) આવક સ્તર (Income levels) (D) ઉપરોક્ત તમામ

જવાબ:- **(D) ઉપરોક્ત તમામ**

- હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ (HDI) એક વૈશ્વિક ઈન્ડેક્ષ છે, જેનો હેતુ વિશ્વના વિવિધ દેશોના સામાજિક અને આર્થિક વિકાસના સ્તરને માપવાનો છે.
- આ ઈન્ડેક્સ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષમાં આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણ જેવા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે.

46. ભારતમાં સૌથી મોટા રોજગારદાતા નીચેનામાંથી કોણ છે?

(A) ભારતીય રેલ્વે (B) ભારતીય સશસ્ત્ર દળો

(C) ટાટા ગ્રૂપ (D) જાહેર ક્ષેત્રની બેંકો

જવાબ:- **(A) ભારતીય રેલ્વે**

GK Gujarat.com

- ભારતીય રેલ્વે ભારતમાં સૌથી મોટા રોજગારીદાતા છે.
- ભારતીય રેલ્વે વિશ્વનું ચોથું સૌથી મોટું રેલ્વે નેટવર્ક ચલાવે છે અને 12.13 લાખ લોકોને રોજગારી આપે છે.

47. ઈ.સ. 1934માં ભારતમાં સૌપ્રથમવાર આર્થિક આયોજન સંબંધી પ્રસ્તાવ રજૂ કરતું પુસ્તક "પ્લાન્ડ ઈકોનોમી ફોર ઈન્ડિયા"ના લેખક કોણ હતા?

(A) દાદાભાઈ નવરોજી (B) એમ. વિશ્વશ્વરૈયા

(C) જવાહરલાલ નેહરુ (D) ડો. બી.આર. આંબેડકર

જવાબ:- **(B) એમ. વિશ્વશ્વરૈયા**

48. "ગોલ્ડન હેન્ડશેક સ્કીમ"નો સંબંધ નીચેનામાંથી કોની સાથે છે?

(A) નવી રોજગારીનું નિર્માણ (B) વૃદ્ધોને પેન્શન આપવું

(C) સ્વ-રોજગારીને પ્રોત્સાહન (D) સ્વૈચ્છિક સેવા નિવૃતિ

જવાબ:- **(D) સ્વૈચ્છિક સેવા નિવૃતિ**

49. કેટલામી પંચવર્ષીય યોજના પી.સી. મહાલનોબિસ મોડલ પર આધારિત હતી?

(A) પ્રથમ પંચવર્ષીય યોજના (B) બીજી પંચવર્ષીય યોજના

(C) ત્રીજી પંચવર્ષીય યોજના (D) ચોથી પંચવર્ષીય યોજના

જવાબ:- **(B) બીજી પંચવર્ષીય યોજના**

50. કયા ભારતીય અર્થશાસ્ત્રીને 1998માં અર્થશાસ્ત્રના ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?

GkGujarat.com

(A) મનમોહન સિંહ

(B) અમર્ત્ય સેન

(C) જગદીશ ભગવતી

(D) રઘુરામ રાજન

જવાબ:- **(B) અમર્ત્ય સેન**

- અમર્ત્ય સેન ભારતીય અર્થશાસ્ત્રી અને દાર્શનિક છે.
- તેમનો જન્મ 3 નવેમ્બર, 1933ના રોજ પશ્ચિમ બંગાળના શાંતિનિકેતનમાં થયો હતો.
- અમર્ત્ય સેનને કલ્યાણકારી અર્થશાસ્ત્ર અને સામાજિક વિકલ્પ સિદ્ધાંતમાં તેમના યોગદાન બદલ નોબેલ પુરસ્કાર મળ્યો હતો.
- અમર્ત્ય સેનને 1999માં ભારત રત્ન પણ આપવામાં આવ્યો હતો.

# :: All the Best ::

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે વિવિધ વિષયોના સામાન્ય જ્ઞાનના વિડીયો જોવા માટે અમારી YouTube ચેનલ GK Gujarat.Comની મુલાકાત લો.**

**https://www.youtube.com/@GKGujarat.Com1**

GK Gujarat.com